રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ,
દેવરુખ, કાટવલી માર્ગ,
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર, ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૩ અંક ૧૧ ૧ નવેમ્બર ૨૦૧૧

## સમયનું રોકાણ

પ્રિય સાધકો,

સાધકે અમુક મુદ્દે ખૂબ જ સાવધાન રહેવું જરૂરી છે. પરિણામની ચિંતામાં ન પડવું તેનો અર્થ એવો નથી કે પ્રયત્નો જ ન કરવા. કેટલાક સાધકો ગીતામાં શ્રી કૃષ્ણે કરેલી વાત ‘‘વર્તમાન કર્મ પર જ તમારો અધિકાર છે તેના ફળ પર નહી ’’આ વાતનું યોગ્ય જાગૃતિ તેમજ એકાગ્રતા ના અભાવને લીધે તેનું ખોટું અર્થઘટન કરતા હોય છે. આ વાક્ય વર્તમાન કર્મ એટલે કે કર્મણિ પર ભાર મૂકે છે. માટે પ્રત્યેક વર્તમાન કર્મ તો કરવા જ જોઇએ અને તે કરવા માટે પોતાની ક્ષમતા ૧૦૦% લગાવવી જોઇએ તેમાં કંઇ શંકા કે મતભેદ ન હોવા જોઇએ. અત્યારે તમે જે પરિણામો અને તેની અસર ભોગવી રહ્યા છો તે તમારા ભૂતકાળમાં કરેલા કર્મોનું ફળ છે. અત્યારે તમે માત્ર વર્તમાનનું જ નિયંત્રણ કરી શકો છો. તે તમારો અધિકાર છે. કંઇ ન કરવું તે તમારો અધિકાર નથી. તમે અત્યારે શું કરી રહ્યા છો તેમાં ઓતપ્રોત થવું તે ભૂતકાળમાં બનેલા બનાવો કરતાં વધારે અગત્યનું છે. આમ ‘વર્તમાન’ શબ્દ ખૂબ અગત્યનો છે. તમે તમારી પાસે અત્યારે જે સમય છે તેનું નિયંત્રણ કરી શકો છો અને અહી તમારી પાસે વિકલ્પ છે કે એ સમય તમારે પસાર કરવો છે કે તમારે તે સમયનો સદ્ઉપયોગ કરવો છે. ધનની જેમ જ. તમારી પાસે જો ધન કે કોઇ સંપત્તિ હોય તો તમે કાં તો તેનું રોકાણ કરી શકો યા તો તેનો ખર્ચ કરી શકો. માટે તમે તમારા સમયનો સદ્ઉપયોગ કરો છો કે નહી તે જાણવું ખૂબ જરૂરી છે. તમારા સમયનો સદ્ઉપયોગ કરી તેનું યોગ્ય વળતર મેળવી શકાય તો તે તમને તમારા ધ્યેય સુધી પહો ચાડવામાંમદદરૂપ થશે. સામાન્ય માનવી સમય સિવાય બીજી અનેક બાબતોનું રોકાણ કરતો હોય છે. સાચા સાધકે તેના સમયને વેડફી ન નાખતા તેનો સદ્ઉપયોગ કરવો જોઇએ. આમ સમયનું રોકાણ એટલે શું? તમે તમારા સમયનો એવો સદ્ઉપયોગ કરો કે જે તમને ભવિષ્યમાં અનેક ગણું વળતર આપે. આજે જ તમે કંઇ કામ એટલું જાગૃતિપૂર્વક કરો કે ભવિષ્યમાં તમારે તે ફરીથી ન કરવું પડે. ભવિષ્યનો ઉદ્ભવ વર્તમાનમાંથી જ થાય છે. વર્તમાનમાં રહેવું તેનો અર્થ એવો નથી કે આપણે ભવિષ્યનો વિચાર જ ન કરવો. ભવિષ્યનો વિચાર કરવો અને ભવિષ્યમાં રહેવું તેમાં પણ તફાવત છે. તમારે ભવિષ્યમાં જીવવાનું નથી. વર્તમાનમાં જીવો પરંતુ ભવિષ્યનો વિચાર કરો. જેમકે જયારે તમે કાર ચલાવતા હો ત્યારે તમારા હાથ સ્ટીયરી ગવ્હીલ પર તેમજ બંને પગ બ્રેક અને કલચ પર હોવા જરૂરી છે. પરંતુ આંખોતો આગળનો રસ્તો જ જોતી હોય છે. કયારેક તમારે જ પાછળનું દૃષ્ય જોવા માટે રાખેલા અરીસાનો પણ ઉપયોગ કરવો પડે છે જેથી પાછળ શું બની રહ્યું છે તેનો પણ સંદર્ભ મળે. કારણ કે ભૂતકાળમાં તમે જે કાર્યો અપૂર્ણ રાખ્યા છે તે તમને અત્યારે પરેશાન કરી શકે છે. માટે ભૂતકાળમાં કરેલા કાર્યો માટે સાવધાન રહો. ભવિષ્ય માટે ધ્યાનપૂર્વક જોતા રહો પરંતુ વર્તમાનમાં હંમેશા જાગૃત રહો. માત્ર વર્તમાનની જાગૃતિ તમારા માટે ભવિષ્યનો વિકલ્પોનો ઉકેલ આપશે.

- અજીત સર

આ અંક અંતર્ગત :

સમયનું રોકાણ ૧
સ્ટડી સર્કલની રચના ૨
વિસ્મય જનક ઓરા ટ્રીટમેન્ટ ૩
વૈકલ્પિક કેન્સર સારવાર ૪-૬
દિવાળી ઉત્સવનો ગૂઢ અર્થ ૭
૧૧-૧૧-૧૧ Awakening the hearts of Humanity ૮
આશ્રમજ્ઞાન અને રેકિ સેમિનારનું સમયપત્રક ૯

# સ્ટડી સર્કલની રચના

આવનારો સમય માનવ સ્વાસ્થ્ય તેમજ હીલી ગમાટે પડકારરૂપ જણાતા ગુરૂજીએ હીલી ગસારી રીતે થઇ શકે તે માટે તમામ પ્રયત્નો સારી રીતે કરી શકાય તેવી યોગ્ય વ્યવસ્થા હાથ ધરી છે. જયારે ગુરૂજી સ્વાસ્થ્યની વાત કરે છે ત્યારે તેઓ માત્ર માનવ અસ્તિત્વના શારીરિક સ્વાસ્થ્ય જ નહી પરંતુ માનવ અસ્તિત્વને આવરી લેતા સંપૂર્ણ સ્વાસ્થ્ય વિશે અર્થઘટન કરતા હોય છે.

રેકિ વિદ્યાનિકેતનનું ધ્યેય નીચે આપેલા વિષયો મુદ્દે સચોટ જ્ઞાનનો ફેલાવો કરવાનું છે. (૧) રેકિ હીલી ગનાસિદ્ધાંતો અને તેની પદ્ધતિ (૨) નિષ્ક્રિય ધ્યાનની પદ્ધતિ (૩) અગ્નિહોત્ર - અત્યારના વધતા જતા આંતરિક તેમજ બાહ્ય પ્રદુષણને રોકવા કે શુદ્ધ કરવા માટે વેદિક હોમ (૪) આસપાસ બનતા બનાવોનું તેમજ ઊર્જા વિજ્ઞાનનું આધુનિક અર્થઘટન આવનારો સમય ખૂબ ઊ ડાજ્ઞાન તેમજ પ્રયોગો આધારીત નક્કર પુરાવાનો જ સ્વીકાર કરશે અને તે જ વધુ સારી રીતે જીવવા માટે નવો માર્ગ બનાવશે. આવા વિચાર સાથે આપણે રેકિ વિદ્યાનિકેતનના વિશ્વના ૮ મુખ્ય કેન્દ્રોમાં આવા સ્ટડી સર્કલ શરૂ કરવાનું નક્કી કર્યું છે. તે માટે દરેક સેન્ટરના સીનીયર સાધક કે તેમને ફાળવેલા વિષય માટે ગુરૂજી પાસે સાઘન તાલીમ સતત મેળવશે જેથી કરીને તેઓ તેમનું આ જ્ઞાન રસ ધરાવતા લોકો સુધી પહો ચાડીશકે અને તેઓ તે વિષયનું વધુ ઉ ડાણથીજ્ઞાન મેળવી શકે તે માટે નીચે દર્શાવેલા સાધકોના નામ ગુરૂજીએ જે તે કેન્દ્રમાં જે તે વિષય માટે નિયુકત કર્યા છે.

| સેન્ટર | અગ્નિહોત્ર | ધ્યાન | રેકિ | આધુનિક જ્ઞાન |
|---|---|---|---|---|
| અમદાવાદ | -- | -- | ભારતીબેન | -- |
| વડોદરા | ચંદ્રેશ પરમાર | વિવેક પાંડે | સંગીતા કુલકણ | રીદ્ધિ પટેલ |
| શીકાગો | વર્ષા ડેલવાલીયા | કલ્પના પટેલ | ઉર્સુલા પટેલ | ભાવિક પંડયા |
| દેવરૂખ | કિશોર પંડયા | રશ્મિ માંગલે | બિંદિયા પંડયા / શ્રીમતી ઉપાધ્યેય | સચીન ગદ્રે |
| મુંબઇ | મહેશ શુકલા | વિશાલ શ્રીધંકર | કલ્પીતા કીર | રાકેશ કુમાર |
| નાસિક | સુખલાલ પટેલ | રાજેન્દ્ર પાથરકર | દીપક ગર્ગ | -- |
| રાજકોટ | રોહિણી જોશી | કૃપા ચોકસી | સીમા ત્રિવેદી | -- |
| થાને | મિલિન્દ ચવાન | પ્રવિણ કુલકર્ણી | અશ્વિની તેલંગ | ઝીનીયા દારૂખાનવાલા |

આ સ્ટડી સર્કલના સાધકો રસ ધરાવતા અન્ય સાધકોને માહિનામાં એક વાર શનિવારે સાંજે ૬ થી ૭ ની વચ્ચે મળશે, અને તેની જાહેરાત નજીકના ભવિષ્યમાં થશે. આ માટે ગ્રુપ લીડરને RVN ટીમ દ્વારા સેટ કરવામાં આવેલી ઇન્ટરનેટ કોન્ફરન્સ સુવિધા મારફત તાલીમ આપવમાં આવશે. આ સ્ટડી સર્કલની શરૂઆત ૧ જાન્યુઆરી ૨૦૧૨ થી થશે.

અછતમાં સંતોષી રહેવું અઘરૂં છે પરંતુ જયારે પોતાની પાસે અપાર સમૃદ્ધિ હોય ત્યારે સંતોષી રહેવું અશકય છે.
- જર્મન કહેવત

# વિસ્મયજનક ઓરા ઓપરેશન



ફોટા જમણે (પહેલાં) ડાબે (પછી)



ફોટા જમણે (પહેલાં) ડાબે (પછી)



સંધાઇ ગયેલું હાડકું

ઊર્જા વિજ્ઞાનની વાત કરીએ ત્યારે ઓરા કે આભામંડળ હંમેશા વિસ્મયજનક ઘટના બની રહે છે. એવી ઘટના કે જેને અર્વાચીન વિજ્ઞાને દંતકથા માની તેને માનસિક રમત ગણી તેનો હંમેશા ઉપહાસ કર્યો છે. તેને હંમેશા ઉપહાસ અને નાસ્તિકતાથી જોવામાં આવ્યું છે પરંતુ આજકાલ બાયો-મેડિકલ ક્ષેત્રે હવે તે માન્યતામાં બદલાવ આવ્યો છે કેમ કે એવા કેટલાક રોગો છે જે અત્યારના અતિ-આધુનિક ઉપકરણો જેવા કે એક્સ-રે, એન્ડોસ્કોપી, એમ.આર.આઇ. અને સી.ટી. સ્કેન દ્વારા પણ રેકોર્ડ થતા નથી. જે સવિશેષ શારીરિક ઘટનાઓને રોગના કારણ સમજવા માટે વપરાય છે. મારા ૧૫ વર્ષના રેકિ પ્રશિક્ષણ દરમ્યાન તેમજ ૧૮ વર્ષના મારા રેકિ પ્રેકટીસનરના અનુભવમાં મારી સમક્ષ પરિસ્થિતિઓ આવી છે કે જયાં નિદાનાત્મક રીતે રોગનું કારણ શોધાયુ ન હોય અને મેડિકલ પ્રોફેશન પણ આ બાબતે માર્ગદર્શક ન બની શકયું હોય. આવા કેઇસમાં અચૂકપણે મને ઓરાના સ્તરે સમસ્યા દેખાય છે જે શરીરમાં દર્દ કે વિકૃતિ રૂપે પરીવત ત થાય છે. રેકિ સાયન્સમાં આ ઓરાના disorders ને નિયંત્રાણમાં રાખવાની અમુક રીતો છે અને તેને લીધે અસંખ્ય કેઇસોમાં દદ ઓને અત્યંત આરામ મળી શકયો છે. મેડિકલ પ્રોફેશન આ ટ્રીટમેન્ટ કેવી રીતે કામ કરે છે તે જાણવા માટે તેમજ તે ખરેખર કામ કરે છે કે નહી તે માટે હંમેશા પુરાવા જોવા આતુર હોય છે. ભૂતકાળમાં અનેક આવા હીલરોએ આમાં કશું પ્રાપ્ત કરવા હંમેશા પ્રયત્નો કર્યા છે. કમનસીબે આવા પુરાવા આપવા માટે તેમને જેની ખબર હોય તેના આધારે આપી શકાય પરંતુ તમને જેની ન ખબર હોય અને તે આ સ્કીનમાં ફીટ ન થતું હોય તેવી પદ્ધતિથી આપવામાં આવે તો તેમને ન સમજાય. અમારા સંશોધન પરથી જણાયું છે કે ઓરા ટ્રીટમેન્ટને લોહીના સ્તરે અસર બતાવવા માટે ત્રાણ દિવસ લાગે છે. જયારે હાડકાના સ્તરે અમુક મીનીટો માં તેની ટ્રીટમેન્ટની અસલ જોઇ શકાય છે. આને લીધે હીલી ગસ્તર છે જેની ફ્રીકવન્સી ચેતના તરીકે વ્યકત થાય છે અને પછી પ્રાણ તરીકે વાયુ રૂપે વ્યકત થાય છે અને છેલ્લે લોહી રૂપે. માનવીના શરીરની પ્રણાલિકાગત સમજ અનુસાર તે લોહી પુરતું સિમિત છે. જયારે લોહીના સ્તરે પરિવર્તન દેખાય ત્યારે જ તે નિર્ણયાત્મક પુરાવો બને છે. તેમ છતાં હાડકામાં પરિણામો ત્વરીત જોવા મળે છે. છેલ્લા અમુક વર્ષોમાં આશર ૨૫ જેટલા કેસોમાં આનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહી હાલમાં જ ઓરા ટ્રીટમેન્ટ કરાયેલ એક કેઇસના X-ray ટ્રીટમેન્ટ પહેલા અને ટ્રીટમેન્ટ પછીના દર્શાવવામાં આવ્યા છે.

દેવરૂખના આપણા સાધક, પેશન્ટ શ્રી પ્રભાકર માંગલેને ૪ ઓકટોબર ૨૦૧૧ ના રોજ બપોરે ૩.૨૫ વાગ્યે એકસીડન્ટ થયો અને તેને દેવરૂખની ડો. છોડનકરની હોસ્પીટલમાં દાખલ ૩.૩૦ વાગ્યે કરવામાં આવ્યા. તેને હાથમાં ફ્રેકચર થયું હતું અને તેનો ૩.૫૦ વાગ્યે X-ray લેવામાં આવ્યો. કોણી ઉપરના હાથનું હાડકું X-ray માં તુટી ગયેલું દેખાય છે. તેને હોસ્પીટલમાંથી દેવરૂખ આશ્રમમાં ૪.૧૫ વાગ્યે લાવવામાં આવ્યા. તેમણે તે માટે વિનંતિ કરી હતી અને તેમજ દર્દમાંથી મૂકિત મળે તે માટે તેઓ ટ્રીટમેન્ટ લેવા માંગતા હતા. સાંજે ૪.૩૦ થી ૫ વાગ્યા દરમ્યાન તેમને ઓરા ટ્રીટમેન્ટ આપવામાં આવી. ત્યાર પછી તેમને પાસેના શહેર રત્નાગિરિમાં આવેલી મોટી ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઇ ગયા અને લગભગ રાત્રે ૮.૨૦ તેના હાથનો X-ray ફરીથી લેવામાં આવ્યો. તે X-ray નો ફોટો પણ ઉપર આપેલો છે. ડોકટરોએ તેમનો અભિપ્રાય આપ્યો કે તેમને સર્જરીની જરૂરત ન હતી. એટલું જ નહી પરંતુ તેના હાથને પ્લાસ્ટર કરવાની પણ જરૂર ન હતી. આજે એ પેશન્ટ એકદમ સ્વસ્થ છે. અને વિશ્વાસ રાખજો કે વાત કરવા માટે ફકત આ એક જ કેઇસ નથી.

# કેન્સરની વૈકલ્પિક સારવાર

આ પાના પર લખવામાં આવેલ વિગતથી તમને કેન્સરની વૈકલ્પીક સારવાર શું છે અને શું નહી તેનાથી માહિતગાર કરવા છે. આપણે કેન્સરની વૈકલ્પીક સારવાર માટેના સમાચારની આપ-લે કરીશું પરંતુ કેન્સરના કોષોને કેમીકલ્સ કે રેડિએશનથી મારી નાખવાની વાત પર ધ્યાન આપવાને બદલે આપણે શરીરના તંત્રના સંતુલન પર ધ્યાન કેન્દ્રીત કરીશું કે જે ઇશ્વરદત્ત કુદરતી ઉપચાર છે.

વારંવાર દેશના અલગ અલગ ભાગમાંથી આવતા લોકો અમારી ટોટલ હેલ્થ ઇન્સ્ટીટયુટના સ્ટાફને નીચેના પ્રશ્નો પૂછતા હોય છે.

તમે કેન્સરની વૈકલ્પીક સારવાર કરો છો ખરા ?

તમે કેન્સરની સારવાર કરો છો?

અને તેનો જવાબ 'ના' છે.

અમે કોઇ પણ લક્ષણો, પરિસ્થિતિ કે રોગની સારવાર કરતા નથી. અમે તે માટે અમારી કયારેય કોઇ ઇચ્છા હોતી નથી. પરંતુ અમે જે કરીએ છીએ તે રોગના લક્ષણો, પરિસ્થિતિ કે રોગના કારણનો ઇલાજ કરીએ છીએ નહી કે દેખાતી પરિસ્થિતિ રોગ કે તેના લક્ષણોને અને જે રોગ વ્યકત રૂપે જોવા મળે છે તે શરીર તેમજ મનના અસંતુલનને લીધે હોય છે.

માટે કેન્સર માટેની વૈકલ્પીક સારવાર પદ્ધતિનો મૂળ ઉદ્દેશ સમગ્ર શરીર તેમજ મનનો કુદરતી રીતે સારવાર કરવાનો હોય છે. વર્લ્ડ ઓર્ગેનાઇઝેશન પૂર્ણપણે શારીરિક, માનસિક અને સામાજીક સ્વસ્થતાને સ્વાસ્થ્ય કહે છે. માત્ર રોગની ગેરહાજરી કે શારીરિક અશકિતને નહી .

પ્રત્યેક લક્ષણ, પરિસ્થિતિ કે રોગ પોતાને દવા વિના કે સર્જરી વિના કુદરતી રીતે હીલ કરી શકે છે. જો કોઇ લાંબા સમય માટે રાહ ન જુએ અથવા તો પોતાના શરીરને અનેક રસાયણોથી વિષમય બનાવી દે.

**આના પર વિચાર કરો :**

કોઇપણ વ્યકિતને એડવાન્સ્ડ કેન્સર થયું હોય અને તે માત્ર બે સપ્તાહ જ જીવવાનો હોય અને તમે તેની આંગળી કાપી નાખો તો શું થશે? તે રૂઝાઇ જશે. આમ જો આંગળી રૂઝાઇ જતી હેય તો શા માટે સ્તન કે ફેફસામાં રહેલી કેન્સરની ગાંઠ ન ઓગળે ? તેનો જવાબ (BLOCKAGE) એટલે કે ઊર્જાનો પ્રવાહમાં નડતર રૂપ થતાં તત્વો છે. આંગળીમાં ઊર્જાના પ્રવાહનો અવરોધ નથી પરંતુ ફેફસા કે સ્તનમાં ઊર્જાના પ્રવાહનો અવરોધ થાય છે.

જો આ અવરોધ દૂર કરવામાં આવે તો વ્યકિતનું સ્વાસ્થ્ય કુદરતી રીતે સુધરશે અને તેનું જીવન પૂર્વવત્ બનશે.

તે સ્વાસ્થ્ય પાછું મેળવવા માટે તમારે તમારા શરીરના દરેક તંત્રને સંતુલિત કરવું જોઇએ.

તેને જ પ્રાથમિકતા આપવી જોઇએ.

૧) **જ્ઞાન તંત્ર (Nervous System) :** મગજ, લંબમજજા, હાયપોથેલમસ, સીમપથેટીલ, પેરાસીમ્પથેટીક

૨) **ઇમ્યુન સીસ્ટમ (રૂધિરાભિસરણ, જ્ઞાનતંત્ર) :** શ્વેતકણ, ટી સેલસ, B સેલસ્

## કેન્સરની વૈકલ્પિક સારવાર (Cont...)

૩) **હોરમોનલ સીસ્ટમ (અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ) :** પીચ્યુટરી, થાઇરોઇડ, થાઇમસ, પેનક્રિયાસ, એડ્રીનલસ, ઓવરીઝ, ટીસ્ટીઝ

૪) **શ્વસન તંત્ર (Respiratory System) :** ઓકસીજન શરીરમાં લાવે છે અને કાર્બન ડાયોકસાઇડ તથા અન્ય વેસ્ટ પ્રોડકટને બહાર ફે કે છે.

૫) **વેસ્કયુલર સીસ્ટમ :** લોહી ઓકસીજન તેમજ ખોરાકના પોષક તત્વો પ્રત્યેક કોષને પહો ચાડે છે અને Co2 તેમજ અન્ય વેસ્ટ પ્રોડકટને શરીરમાંથી બહાર ફે કે છે.

૬) **પાચન તંત્ર :** જો તમે ખોરાકને પચાવી ન શકો તો તમારામાં ખામીઓ આવશે અને શરીરમાં વિકાર પેદા થશે.

૭) **એલીમીનેશન સીસ્ટમ :** તમારા શરીરમાંથી અંદરના તેમજ બહારના ઝેરી તત્વો દૂર કરે છે.

૮) **લીમ્ફેટીક સીસ્ટમ :** ૨/૩ ભાગના શ્વેતકણો (WBC) ટોકસીનસ રીમુવ કરવા માટેની sewer system

૯) **રીપ્રોડકટીવ સીસ્ટમ (પ્રજનન તંત્ર) :** તે જીવન શકિત માટેના અનિવાર્ય અંતઃસ્ત્રાવ ઉત્પન્ન કરે છે.

૧૦) **સ્ટ્રકચરલ અને મસ્કયુલોસ્કેલેટલ સીસ્ટમ :** તે શરીરના હલન ચલનનું નિયમન કરે છે અને શરીરના જ્ઞાનતંતુઓનું રક્ષણ કરે છે.

આની સાથે નીચેની બાબતોનું સંતુલન પણ જરૂરી છે.

૧) શરીરની બાયો કેમેસ્ટ્રી

૨) ન્યુરો ટ્રાન્સમીટર્સના સંતુલન દ્વારા માનસિક તેમજ ભાવત્મક અવસ્થાનું સંતુલન.

**જીવનમાં પ્રત્યેક વસ્તુનું અસ્તિત્વ ઊર્જાને લીધે હોય છે.**

ઊર્જા શરીરના પ્રત્યેક કોષને જીવન બક્ષે છે. માનવ શરીરને ઊર્જાના ચાર સ્વરૂપો સ્વસ્થ રાખે છે. રોગના લક્ષણો, પરિસ્થિતિ કે રોગ જયારે આ ઊર્જાના પ્રવાહમાં અવરોધ આવે છે ત્યારે થાય છે. જયારે આ ચારે સ્વરૂપોના પ્રવાહનો અવરોધ હટાવી લેવામાં આવે છે ત્યારે ઇશ્વરે આ શરીર જે રીતે બનાવ્યું છે તેવું જ તે ‘હીલ’ થઇને બની જાય છે. જયાં સુધી આ અવરોધોને હટાવી ન શકાય ત્યાં સુધી સ્વસ્થતા પાછી આવતી નથી.

ઊર્જા એ શરીર તેમજ મનને કાર્યરત કરનારી શકિત છે જે રીતે ઘરમાં ફયુઝ બોકસ કે સક ટ બ્રેકર હોય છે તેવું જ ઊર્જાનાં પ્રવાહનું છે.

એક વખત પાવર ચાલુ થાય ત્યારે તમારે તેને ચાલુ જ રાખવાનું શીખવાનું છે. અમે તમને સંપૂર્ણ રીતે તંદુરસ્ત કેમ રહેવાય તે શીખવીએ છીએ. તમે એક જ પ્લગમાં ૨૦ વાયર ભરાવી ન શકો. માત્ર બે જ, નહી તરતમારો ફયુઝ બળી જશે. અને પાવર બંધ થઇ જશે.

સારવાર કરવાથી તમારા શરીરના દરેક અવયવોને ફરીથી પાવર મળતો થશે.

**વેકલ્પીક કેન્સર સારવારના સમાચાર**

શું કેન્સર ખરેખર તમને મારી નાખવા માગે છે?

રોગની પ્રતિકૃતિમાં શરીરના ઝેરી તત્વોનું નિરક્ષણ કરતા જણાયું છે કે જયારે શરીરમાં ઝેરી તત્વો અમુક હદથી વધી જાય છે ત્યારે તે લોહીમાંથી બહાર ફે કાયઅને બે કોષો (Cell) વચ્ચેની જગ્યામાં જમા થાય છે અને ત્યાર પછી તે શરીરના કોષોમાં જ જમા થવા લાગે છે અને તે કોષોના ન્યુકલીઅસમાં પણ દાખલ થાય છે જયાં DNA અને જીનેટીક મટીરીયલ બને છે. આ ઝેરી

## કેન્સરની વૈકલ્પિક સારવાર (Cont...)

તત્વો જયારે તે કોષોના ન્યુકલીઅસમાં દાખલ થાય છે ત્યારે તે કોષોને આ ઝેરી તત્વો અપનાવી તેને અનુકૂળ થવા સિવાય જીવવાનો એકેય માર્ગ બચતો નથી અને તેમાંથી Stem Cellsનું નિર્માણ થાય છે. આ સ્ટેમ સેલ ગમે તે જાતના સેલ ને બદલી શકે છે અને ખૂબ ઝડપથી વૃદ્ધિ પામે છે આમ ઇશ્વર દત્ત ડહાપણથી જો સામાન્ય સેલ કેન્સરના સેલ માં ફેરવાઇ અને તે toxic વાતાવરણને અનુકૂળ થઇ શકે તો તમે કેન્સરના કોષોને સામાન્ય કોષમાં કેવી રીતે ફેરવી શકો? શું આ કેમોથેરાપી દ્વારા વધારે ઝેરી તત્વો શરીરમાં દાખલ કરવાથી થઇ શકે ? કે પછી શરીરમાંથી ઝેરી તત્વો બહાર કાઢી શરીરના અવયવો તેમજ તંત્રાનું ફરીથી નિયમન કરીને કરી શકાય? તેનો જવાબ સ્પષ્ટ જ છે. કેન્સર સેલ્સ એ બહારથી આક્રમણ કરતા તત્વો નથી કે તે મારવાની જરૂર પડે. કેન્સરના કોષો એ તમારા જ કોષો છે જે ઇશ્વરદત્ત જ્ઞાનથી જીવવા માટે સર્જાયા છે. તેને કેન્સરના કોષોમાંથી સામાન્ય કોષોમાં ફેરવવા માટે અંદરનું વાતાવરણ બદલવાની જરૂરત છે. જો અંદરથી ટોકસીન્સ કાઢી નાખવામાં આવે તો એ કોષો કેન્સરના કોષ ન રહેતાં સામાન્ય કોષો બની જશે. કેન્સર વધારે પડતા વિષૈલા તત્વો ઓછા પ્રમાણમાં મળતો આકસીજન, વધારે પડતી ખાંડ અને એસીડીક વાતાવરણમાં વધારે ઝડપથી વૃદ્ધિ તેમજ વિકાસ પામે છે. આમ કેન્સર સેલને સામાન્ય સેલમાં ફેરવવા માટે જો ઝેરી તત્વો ન હોય, ઓકસીજન યોગ્ય પ્રમાણમાં લેવાય તેમજ ઓછી ખાંડ અને અલ્કલાઇન ખોરાકની જરૂરત છે. કારણ કે આવા વાતાવરણમાં સ્વસ્થ કોષોનું નિર્માણ થાય છે. માટે તમે તમારી અંદરનું વાતાવરણ બદલો, કેન્સરના કોષો આપોઆપ સામાન્ય કોષોમાં ફેરવાઇ જશે. કેન્સર માટેની કોઇ પણ વૈકલ્પીક  સારવાર કરનારે સફળ થવા માટે આ સમજવું જરૂરી છે. કેન્સરની આધુનિક સારવારમાં શરીરમાં કયાં સ્ટેમ સેલ્સ છે તેને શોધી કાઢવામાં આવે છે કે જે કેન્સરની વૃદ્ધિ કરે છે. કેમોથેરાપીમાં આજ સુધીતો કેન્સરના નોન સ્ટેમ સેલ્સને મારી નાખવામાં આવે છે આ એવા કોષો છે જે કેન્સરના કોષો - સ્ટેમ સેલ્સમાંથી જન્મે છે. સમસ્યા એ છે કે જયારે તમે ટોકસીક કેમીકલસથી કેન્સરની બહારના કોષોને મારો છો ત્યારે તે અત્યંત ટુંકા સમયગાળા માટે હોય છે. અને તમે નોન સ્ટેમ સેલ્સને ખતમ કરો છો. વાસ્તવમાં કેન્સર માટે કારણભૂત સ્ટેમ સેલ્સ છે તે કેમોથેરાપીમાં ખતમ થતા જ નથી. માટે જયારે વ્યકિતને અનેક વખત કેમોથેરાપી કરવામાં આવે છે જયારે લોકો ખુશ થાય છે કારણ કે કેન્સરની ગાંઠો સંકોચાવા લાગે છે પરંતુ તેમાં વધુ ખુશ થવાની જરૂર નથી કારણ કે કેમોથેરાપીમાં નોન સ્ટેમ સેલ્સ જ મરે છે અને કેન્સરના સ્ટેમ સેલ્સ તે દવાનો વિરોધ કરવા વધારે ઉગ્રતાથી કેન્સરના કોષો ઉત્પન્ન કરે છે. આને માટે વપરાતો શબ્દ MDR એટલે કે મલ્ટીપલ ડ્રગ રેસીસ્ટન્ટ. જયારે લોકો ખૂબ એન્ટીબાયોટીક લે ત્યારે શરીરના બેકટેરીયા જે ડ્રગને રેઝિસ્ટ કરવા વધારે સ્ટ્રો ગબને તેના જેવું જ છે. લોકોને કેન્સરની ગાંઠ સંકોચાતી લાગે છે પરંતુ કેન્સર પહેલાં કરતાં પણ વધુ ઉગ્રતાથી આગળ વધે છે. તંદુરસ્ત થવા માટે તમે અંદરનું વાતાવરણ બદલવાને બદલે તમે કેન્સરના કોષોને મારવાનો પ્રયત્ન કરો છે તેથી આવું બને છે.

(વધુ આવતા અંકે)

# દિવાળી ઉત્સવ અને તેનો ગૂઢ અર્થ

દિવાળીનો ઉત્સવ હંમેશા અનેક લોકોને ઉત્સાહ ઉમંગથી ભરી છે છે. તે આનંદ તેમજ પ્રકાશનો ઉત્સવ છે. જેમ જેમ દિવાળી નજીક આવતી જાય છે તેમ તેમ આસપાસનું વાતાવરણ બદલાતું જાય છે. પ્રકૃતિમાં પણ બદલાવ આવે છે. જાણે ગાઢનિદ્રમાંથી ઉઠી ન હોય? જયારે ચારેબાજુ વરસાદ વરસતો હોય, આકાશ વાદળાંથી છવાઇ ગયું હોય, સૂર્યના દર્શન દુર્લભ હોય ત્યારે વાતાવારણ ખૂબ જ ભેજવાળું તેમજ નિરસ લાગે છે. મનુષ્યની પ્રવૃત્તિ અને તેમા પણ ખેતીને લગતી પ્રવૃત્તિ મંદ પડી જાય છે. ઊર્જા પણ ક્ષીણ થવા લાગે છે. અચાનક ચોમાસું વિદાય લે છે અને તાજગીભર્યા પવનની લહેરો વાતાવરણમાં પરિવર્તનનો સંકેત લઇને આવે છે. મનુષ્યના શરીર તેમજ મન પરિવર્તન મહેસુસ કરવા લાગે છે અને તે ખુશીઓથી છલકાઇ જાય છે. મહિનાઓ પહેલાં આકાશમાંથી અદ્દશ્ય થઇ ગયેલા સૂર્યના કિરણો તેમજ તેમના અવનવા રંગો સાથે સૂર્યદેવ દેખા દે છે. આમ આવા નિરસ અને શૂષ્ક વાતાવરણમાંથી મનુષ્ય જાગે તે પહેલાં પ્રકૃતિમાં આ પરિવર્તનનો ઉત્સવ ચાલુ થઇ જાય છે. ખેતરોમાં ધાન્યના છોડવાઓ આનંદથી લહેરાતા જોવા મળે છે. મનુષ્યના મનમાં એવું લાગે છે કે હવે લણણીની મોસમ આવી ગઇ છે. આમ આ રીતે ઉત્સવની શરૂઆત થાય છે.

ત્યાર પછી ભૂતકાળની અનેક વાર્તા તેમજ દંતકથાઓ લઇને આવે છે ખરી દિવાળી. હંમેશા આસુરી તત્વ પર દૈવી તત્વનો વિજય થાય છે. તેમાંનો એક છે રાવણ અને બીજો છે નરકાસુર. મહત્વની વાત તો એ છે કે હવે સારપ છવાઇ જશે. ખરાબ દિવસોનો હવે અંત આવ્યો છે. જયારે અમાવસ્યા હોય છે ત્યારે અંધકારને દૂર કરવા માટે જ લોકો દીપમાળા કરતા હશે! તે અંધકાર એ ભય છે, તે અજ્ઞાન છે, તે ભયજનક છે. આવા અંધકારને દૂર કરવા માટે એક જ સંદેશો છે કે તમારા અંતરમાં જ્ઞાનની જયોત જગાવો. તેથી તમારી સાથે પ્રકૃતિમાં પણ પરિવર્તન આવશે. પ્રત્યેક જયોત તેની આસપાસના અંધકારને દૂર કરશે. ત્યારે પછી દિવાળીનો બીજો દિવસ આવે છે જેમાં દેવી લક્ષ્મીનું પૂજન થાય છે, કે જે સમૃદ્ધિના દેવી છે. (આ સમૃદ્ધિ તે માત્ર પૈસા જ નથી) સમૃદ્ધિ અનેક રીતની હોઇ શકે જે પૈસા કે ધનથી આવી શકતી નથી. માત્ર ધન હોવું તે જ સમૃદ્ધિની નિશાની નથી. તે સમૃદ્ધિનો અંશ હોઇ શકે જેને સંસ્કૃતમાં 'અર્થ' કહેવાય છે. અને તે શબ્દનો અર્થ જ અર્થપૂર્ણ છે. જો ધન અર્થપૂર્ણ ન હોય તો તે વિપત્તિ લાવે છે. સમૃદ્ધિ તમારા અથાક પરિશ્રમથી પ્રાપ્ત થાય છે કોઇને લૂંટી લેવાથી નહીં. આમ આપણે તે દિવસે આપણે પ્રાપ્ત કરેલી સમૃદ્ધિના પૂજન દ્વારા આપણા અથાક પરિશ્રમને નમન કરીએ છીએ. તે પરિશ્રમને ત્યાર પછી આ તહેવારનું સબંધો તેમજ લાગણીઓને આવરી લેતું પાસું આવે છે. દિવાળીના ત્રીજા દિવસે પત્ની તેના પતિનું પૂજન કરે છે. જેમાં એકબીજાના સંગાથના દિવ્ય સંબંધોને નમન કરવામાં આવે છે. અને અંતરમાં પ્રેમનું આહ્‌વાન કરવામાં આવે છે. જેને લીધે ભવિષ્યમાં પણ એકબીજા સાથેના સંબંધો પ્રેમભર્યા રહે તેવી તક ઉત્પન્ન કરી શકાય. અને પછી ચોથા દિવસે એટલે કે ઉત્સવના આખરી દિવસે સ્ત્રીઓ તેમના સંબંધમાં તેનાથી પણ આગળ જાય છે. તે દિવસે સ્ત્રીઓ તેમના ભાઇનું પૂજન કરે છે. ભાઇ એક એવી વ્યકિત છે કે જે તે કિશોરીનો સહુથી નજીકનો આધાર હોય છે અને તેને પાછળ છોડીને તે કન્યા તેના પતિ સાથે લગ્ન પછી જીવનના નવા સૂત્રો સંભાળવા વિદાય લે છે. તે દિવસે આ ઉમદા સંબંધોનો આદર કરવામાં આવે છે. ભાઇ સાથેનો તેમનો પ્રેમ ઊંડા મૂળ જેવો છે કે જે તેમના બાળપણનો સાથી છે. આ બધી સ્મૃતિઓ, આ બધી લાંબા સમયની ગમગીની, ઘણી બધી છાપો કે જેને પરિણામે અત્યારે તમે છો. તે દિવસે તમે તમારા બાળપણની મુલાકાત લો છો આમ જુઓ સમગ્ર ઉત્સવ કેવો સુંદર લાગે છે? જીવનનું સમગ્ર તત્વજ્ઞાન તમારી સામે છવાઇ જાય છે. પહેલાં તમે તમારા જીવનના આસુરી તત્વોનો નાશ કરો છો. તે શુદ્ધિકરણ બાદ બાકી વધેલા દૈવી તત્વોનો આનંદ ત્યારપછી હ્રદયના ઊંડાણમાં ઉતરીને તમે સંગાથી તરીકે પસંદ કર્યા છે (જે જન્મથી તમારી સાથે ન હતા) તે સુંદર સંબંધને વંદન અને અંતમાં હ્રદયમાં હજુ ઊંડા ઉતરીને તે સંબંધને નમન જેનો સાથ તમને બાળપણથી રહ્યો છે જે તમારો ભાઇ છે, કેટલું દિવ્ય !



# 11-11-11 ~ Awakening the Hearts of Humanity

By Estaryia Venus
(shared by Rakesh Kumar)

The 11-11-11 gateway is upon us. Many are speaking about it and many are beginning to feel on an energetic level the deeper awakening that is about to occur.

As we continue to move towards 2012 and beyond, the hearts of humanity are going through an energetic shift from separation to an inner knowing of oneness and a sense of unity consciousness that will raise the vibration of this planet into its next evolution.

This evolution is occurring on a planetary level as well as on human level. The biology of planet Earth and our own human biology is in a transformation. The human DNA has stored within it all the codes and information for this next evolution. Awakening this dormant information is what is happening on planet Earth at this time. With this awakening, new consciousness is being birthed, and with this new consciousness comes a new era, a new way of being that is connected with the environment and with all life.

11-11-11 and Human DNA

Human DNA is triggered by digital codes, awakening genetic sequences which release information (light) into our consciousness. This genetic memory that is being turned on, begins to release us from the constructs of time as we have known it. 11-11-11 is one of the codes of this activation process. It is part of the binary code that is part of the matrix of this reality and plays a role in the next phase of planetary awakening.

This master number, digital code, is part of the process of turning on our original blueprint and genetic memory held within the spiraling strands of our human DNA. These numeric codes awaken the mind to change and experience new levels of consciousness and more of our infinite hu-man potential.

The 11-11-11 gateway is opening us to receive our divine purpose as a crystalization into the matrix of this Earth. During the 11-11-11 gateway, the elemental structure of Gaia, will be activating through 2 planetary grand trines, one of Earth and one of Air. These grand trines will overlay and create the perfect harmonious structure for the new energies of light to enter the Earth and enter our human form, through the cellular matrix of our DNA. Through the geometry of the 2 grand trines, equilateral triangles, energy comes into the Earth in perfect harmony.

The new higher frequencies of light will assist us in evolving into the next phase of consciousness and light on planet Earth. Through this gateway of light, we will be opening into more of a timeless sequence so that we may be more connected to our multi-dimensional nature, where we are in alignment with our soul essence and creation occurs through this connection in a sequential rhythm that transcends the duality and illusion of time.

These digital codes, 11-11-11 will imprint our DNA structure turning on a blueprint for a higher state of consciousness to emerge. These codes are activated within the cellular memory of our DNA, allowing us to remember the truth of who we are, our divine purpose as a "conscious vibrational embodied experience."

# આશ્રમ જ્ઞાન

## Being 100%

થોડા સમય પહેલાં ગુરૂજી જયારે આશ્રમમાં હતા ત્યારે કોઇએ તેમને પ્રશ્ન પૂછયો, ''કે જયોર જગી વાસુદેવ એક કહે છે કે વ્યકિતએ તે જે કરે તેમાં ૧૦૦% રહેવું જોઇએ'' તેનો શો અર્થ છે? ગુરૂજીએ તેને આખી ઘટના આ રીતે સમજાવી. ''જુઓ આપણે બધા જે માર્ગે ચાલી રહ્યા છીએ તે બંને બાજુ બે કિનારા છે. એક બાજુ ભૌતિક દુનિયા છે જયારે બીજી બાજુ અધ્યાત્મિક જીવન છે. મોટાભાગના લોકો વચ્ચે ચાલે છે. તેથી આપણે જીવનના બંને ભૌતિક તેમજ આધ્યાત્મિક પાસામાં ૧૦૦% નથી. જેમ કે કોઇ મદીરાલયમાં જાય પણ ત્યાં પીવે નહીં તો તમે વિશ્વાસ રાખજો કે તે વ્યકિતને માનસિક ત્રાસ થાય છે. કારણ કે તે બધામાં જુદો તરી આવે છે. ત્યાં બેઠેલા બીજા બધા સ્ટ્રેસ રહીત હોય છે કારણ કે તેઓ ત્યાંના વાતાવરણનો એક હિસ્સો બની આનંદ કરતા હોય છે. તેઓ તો મદિરાલય જ બની ગયા હોય છે. જયારે તમે નથી બનતા. તમે હજુ તમારી આગવી ઓળખ જાળવી રાખી છે માટે તમારે સહન કરવું પડે છે. એવું જ જયારે કોઇ નાસ્તિક મંદિરમાં જાય છે ત્યારે બને છે. તે વ્યકિતને ખૂબ સ્ટ્રેસ થાય છે કારણ કે તે મંદિર બની શકતો નથી. અને તેથી તેને ત્યાં મજા આવતી નથી. જયારે આપણે વાતાવરણ સાથે ભળી જઇને આપણે સ્વતંત્ર ઓળખ ગુમાવી દઇએ છીએ ત્યારે દ્વૈતનો અંત આવે છે અને તેથી જ આનંદનો અનુભવ થાય છે. જયારે ભ્રષ્ટ લોકો ભ્રષ્ટાચાર આચરતા હોય છે ત્યારે તેઓ તો ખૂબ જ આનંદમાં હોય છે કારણ કે તેઓ તેવા વાતાવરણમાં હોય છે અને તેની સાથે ભળી ગયા હોય છે. તેઓ માત્ર ભ્રષ્ટ જ નથી હોતા પરંતુ ભ્રષ્ટાચારનું રૂપ ધારણ કરે છે. કયારેય તમે ૠષિકેશ કે હરિદ્વારમાં ગંગામાં નાહ્યા છો? જયારે તમે નદીમાં પ્રવેશ કરો ત્યારે પહેલા તો તમારે તે નદીના પાણીને આખા શરીરે લગાવી દેવું પડે. પછી તમને નદીમાં ગમે તેટલું પાણી ઠંડુ હશે તો પણ તમને તે ઠંડુ નહીં લાગે. જે ક્ષણે તમે તેનું પાણી આખા શરીર પર ચોપડો છો ત્યારે તમારા શરીરનું બહારનું સ્તર નદી જ બની જાય છે અને ત્યારે પણ નદી અને તમારા વચ્ચેનું દ્વૈત નાશ પામે છે. તમે નદી જ બની જાવ છો. જયારે તમે અગ્નિ પાસે બેસો છો ત્યારે તમારા શરીરે ભસ્મ કે રાખ લગાવીને બેસો તો તમને ગરમી નહીં લાગે અને તમને અકડામણ પણ નહીં થાય. કારણ કે તમે ત્યારે અગ્નિ બની જાવ છો. માટે તમારે રસ્તાની એક બાજુ તો જવું જ જોઇએ જેથી તમે સ્ટ્રેસ ફ્રી રહી શકો. તમારે રસ્તા વચ્ચે ઉભું રહેવું ન જોઇએ. એમ કરવાથી તમારો અકસ્માત પણ થાય. પરંતુ હવે પ્રશ્ન એ છે કે તમારે કઇ બાજુ જવું જોઇએ. ભૌતિક દુનિયાની બાજુએ જવાથી તમને મજા તો આવશે પરંતુ વારંવાર તમે તે જ ચક્કરમાં (જન્મ-મરણના) ફર્યા કરશો. જયારે બીજી આધ્યાત્મિક બાજુએ જવાથી તમને આનંદ તો આવશે જ પરંતુ તે તમને તમારા અંતિમ ધ્યેય સુધી પણ લઇ જશે. હવે પસંદ તમારે કરવાનું છે. ૧૦૦% રહેવું તેનો અર્થ આવો છે.

જયારે તમે હૃદયના ઊંડાણથી જોશો ત્યારે તમારૂં માનસચિત્ર કે દૃષ્ય એકદમ સ્પષ્ટ બની જશે. જેઓ બહાર જુવે છે તે સ્વપ્ન જુવે છે અને જે અંદરની તરફ અંતરમાં જુવે છે તે જાગૃત થાય છે.

- કાર્લ જન્ગ

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૫, ૬ નવેમ્બર | જામનગર | સીમાબેન | પ્રથમ |
| ૨ | ૧૨, ૧૩ નવેમ્બર | રાજકોટ | અજીતસર | પ્રથમ |
| ૩ | ૧૬, ૧૭ નવેમ્બર | રાજકોટ (વૃદ્ધાશ્રમ) | સીમાબેન | પ્રથમ |
| ૪ | ૧૯, ૨૦ નવેમ્બર | નાસિક | અજીતસર | પ્રથમ |
| ૫ | ૨૬, ૨૭ નવેમ્બર | દેવરૂખ | અજીતસર | પ્રથમ |
| ૬ | ૨૪, ૨૫ ડીસેમ્બર | દેવરૂખ | અજીતસર | દ્વિતિય |